મે 17, 2023

# સીટી ઑફ બ્રેમ્પટનમાં વિક્ટોરિયા ડે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો – આ વર્ષે, વિક્ટોરિયા ડે સોમવાર, મે 22 નાં રોજ યોજાશે.

**અનિવાર્ય અને નિર્ણાયક સેવાઓ**

અગ્નિશમન અને કટોકટીની સેવાઓ, ટ્રાફિક સેવાઓ, કાયદાકીય અમલ બજવણી, રોડ ઓપરેશન્સ અને સુરક્ષા સેવાઓ સહિતની તમામ અનિવાર્ય અને નિર્ણાયક સેવાઓનું સંચાલન રાબેતા મુજબ ચાલુ રહેશે.

**આતશબાજી**

સીટી ઑફ બ્રેમ્પટન રહેવાસીઓને યાદ અપાવી રહ્યું છે કે બ્રેમ્પટનમાં ફટાકડાંનો ઉપયોગ કરવો, ખરીદી કરવી, ફોડવા, પોતાની પાસે રાખવા, દેખાડવા, વેચવા અને વેચવાની તૈયારી બતાવવી પર પ્રતિબંધ છે.

રહેવાસીઓની સુરક્ષા સીટી માટે ટોચની અગ્રતા ધરાવે છે, અને ફટાકડાનો બાય-લૉ (પેટા-કાનૂન) ઈજાનું જોખમ અને મિલકતને નુકસાન ઘટાડવાનો હેતુ ધરાવે છે.

અમને ફટાકડાંનો ઉપયોગ કે વેચાણ થવાની જાણ કરવા રહેવાસીઓ 3-1-1 નંબર પર કૉલ કરી શકે છે, 3-1-1 ઍપ ડાઉનલોડ કરી શકે છે, અથવા વેબસાઇટ www.brampton.ca પર અમારી મુલાકાત લઈ શકે છે. અનુપાલન કરવામાં નિષ્ફળ જવા બદલ $500 થી $1,000 જેટલો દંડ થઈ શકે છે, અને જો કોર્ટ સમન્સ પાઠવે તો તે $100,000 સુધી પહોંચી શકે છે.

વધુ માહિતી માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/fireworks

**બ્રેમ્પટન ટ્રાન્ઝિટ**

બ્રેમ્પટન ટ્રાન્ઝિટ વિક્ટોરિયા ડે પર રવિવાર/રજાના દિવસના સમયપત્રક પ્રમાણે ચાલુ રહેશે. ટર્મિનલ્સ પર ગ્રાહક સેવા કાઉન્ટર્સ બંધ કરવામાં આવ્યા છે. સંપર્ક કેન્દ્ર ઉતારુઓને સહાયરૂપ થવા સવારે 9 થી સાંજે 6 વાગ્યા સુધી ઉપલબ્ધ છે.
બ્રેમ્પટન ટ્રાન્ઝિટની લોસ્ટ ઍન્ડ ફાઉન્ડ સહિતની, ક્લાર્ક અને સેન્ડલવૂડ સગવડો સોમવાર, મે 22 નાં રોજ બંધ રહેશે.

સર્વિસ અપડેટ્સ માટે વેબસાઇટ www.bramptontransit.com જુઓ અથવા @bramptontransit ને Twitter પર અનુસરો. કોઇ પ્રશ્નો સીધા બ્રેમ્પટન ટ્રાન્ઝિટના સંપર્ક કેન્દ્રને 905.874.2999 નંબર પર પૂછી શકાય છે.

**બ્રેમ્પટન રિક્રિએશન**

બ્રેમ્પટન રિક્રિએશન સેન્ટર્સ વિક્ટોરિયા ડે નિમિત્તે લાંબી અઠવાડિક રજાઓ દરમિયાન ઘટાડેલા સમયપત્રક પર સંચાલિત રહેશે. હોલિડે અવર્સ અહીં ઉપલબ્ધ છે.

BRAMPTON **Service and Information Update**

**બ્રેમ્પટન લાઈબ્રેરી**

રવિવાર, મે 21 અને સોમવાર, મે 22 નાં રોજ બ્રેમ્પટન લાઈબ્રેરીની તમામ શાખાઓ બંધ રહેશે અને મંગળવાર, મે 23, 2023 નાં રોજ ફરી ખુલશે.

અમારી સાથે વેબસાઈટ www.bramptonlibrary.ca પર ઓનલાઈન જોડાઈને ઈ-બૂક્સ અને ઓડિયોબૂક્સ, સ્ટ્રીમ ટેલીવિઝન અને મૂવીસ ઉછીની લો, વિવિધ શ્રેણીના શૈક્ષણિક, રચનાત્મક, અને વ્યાવસાયિક ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ્સ, અને ઘણી વસ્તુઓ સુધી પહોંચ મેળવો. અમારા આયોજનોના કેલેન્ડર મારફતે બધી ઉંમરના લોકો અને હિતો માટે વર્ચ્યુઅલ કાર્યક્રમો માટે નોંધણી કરાવો અને ઈમેઈલથી અમારી અદ્યતન માહિતી મેળવવા સબસ્ક્રાઈબ કરો. અમને Facebook, Twitter, Instagram, અને LinkedIn પર અનુસરો, અને iOS અને Google Play પર બ્રેમ્પટન લાઈબ્રેરી મોબાઈલ ઍપ ચોક્કસ ડાઉનલોડ કરો. અમારી ઍપ વિશે વધુ વિગતો માટે અહીં ક્લિક કરો.. અમારા કર્મચારીઓ સાથે લાઈવ ચૅટ કરવા, કોઈ પ્રશ્ન પૂછવા, અમારી વેબસાઈટ જુઓ.

**બ્રેમ્પટન એનિમલ સર્વિસીસ**

બ્રેમ્પટન એનિમલ શેલ્ટર સોમવાર, મે 22 નાં રોજ બંધ રહેશે, અને મંગળવાર, મે 23 નાં રોજ ફરીથી ખુલશે.

એનિમલ કંટ્રોલ (પ્રાણી નિયંત્રણ) સોમવારથી શુક્રવાર સવારે 7 થી રાત્રે 11 વાગ્યા સુધી અને શનિવારે અને રવિવારે અને રજાઓના દિવસોમાં સવારે 8 થી સાંજે 6:30 વાગ્યા સુધી રોડ પર રહે છે. આ સિવાયના સમયે, એનિમલ કંટ્રોલ માત્ર ઈમરજન્સીમાં પ્રતિભાવ આપશે.

**સંપર્કમાં રહો**

રહેવાસીઓ કોઈ પૂછપરછો માટે 311 અથવા 905.874.2000 (બ્રેમ્પટન બહાર) નંબર પર ફોન કૉલ કરી શકે છે, Brampton 311 ઍપનો ઉપયોગ કરી શકે છે (App Store અથવા Google Play પર ઉપલબ્ધ) અથવા www.311brampton.ca ઈમેઈલ સરનામું 311@brampton.ca ને ઈમેઈલ મોકલી શકે છે. અમે સીટી ઑફ બ્રેમ્પટન કે રીજીયન ઑફ પીલને સંબંધિત કોઈપણ બાબતો માટે 24/7 ઉપલબ્ધ રહીએ છીએ.

**ક્લોઝર્સ**

સીટી હૉલ અને સીટી ઑફ બ્રેમ્પટનની બધી એડમિનિસ્ટ્રેટિવ ઑફિસો સોમવાર, મે 22 નાં રોજ બંધ રહેશે, અને મંગળવાર, મે 23 નાં રોજ ફરીથી ખુલશે.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca